જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા..૯/૧૦/૨૦૧૫ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૨૦૩૪/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી અને ૨૯ વ્યક્તિઓને ઝડપી ૨૯ લીટર દેશી દારૂ, ૨૧ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૧,૫૬૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૦૩૫/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડ ચોરી :-** **સમાચાર યાદી નં.૨૦૩૬/૧૫**

**સેટેલાઇટ :** વિપુલભાઇ બિપીનચંદ્ર મહેતા (રહે.આર્યમાન આવાસ, સાંઇબાબા મંદિર સામે, રામદેવનગર સેટેલાઇટ) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૮/૧૦/૧૫ સવારનાં ૧૧/૩૦ થી બપોરના ૧૨/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૧૪,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.એન.વાઘેલા ચલાવે છે.

**લુંટની ફરીયાદ:-** **સમાચાર યાદી નં.૨૦૩૭/૧૫**

**વટવા:** રાજુભાઈ હેમાજીભાઈ મારવાડી (ઉ.વ.૪૫) (રહે. મણીલીમી સોસાયટી આદીનાથનગર ઓઢવ) એ તા.૮/૧૦/૧૫ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે અસલાલી બારેજા રોડ, એપીએમસી માર્કેટ પહેલા હાઈવે નજીકથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ નંબર ૨૧૦૯ (જેનાં પુરા નંબરની જાણ નથી) ઉપર આવેલ અજાણ્યા ત્રણ પુરૂષોએ રાજુભાઈને રોકી ગડદાપાટુનો માર મારી, એક્ટીવાની ડેકીમાંથી રૂપિયા ૩,૪૦,૦૦૦/- લુંટ કરી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રાજુભાઈ મારવાડીએ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે.આ ગુનાની તપાસ પોઈશ્રી જે.એચ.સરવૈયા ચલાવે છે



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૩૮/૧૫</u>**

**વસ્ત્રાપુરઃ** જીગરભાઇ જશવંતરાય શાહ (રહે. પ્રેરણાકુટીર સાર્થી હોટલની સામે બોડકદેવ) એ તા.૮/૧૦/૧૫ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે બોડકદેવ રાજપથ ક્લબની સામે સાર્થક-૨ માં આવેલ વેસ્ટ પોઇન્ટ હોંડા (સ્પીડ બાઇક પ્રા.લી) નામનાં પોતાનાં શોરૂમમાં કામ કરતા આરોપી મુણાલ અશોકભાઇ વરણ (રાજપુત) (રહે. સુર્યા એપાર્ટમેન્ટ, નારણપુરા) એ તા ૧૩/૭/૧૫ થી તા.૧૦/૯/૧૫ સુધીના સમયગાળા દરમ્યાન જીગરભાઇએ બેન્કમાં ભરવા સારૂ આપેલ રકમમાંથી રૂપિયા ૧૧,૫૫,૨૦૦/- બેંકમાં નહી ભરી ચોરી કરી પલાયન થઈ ગયેલ છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી જયંતીલાલ મણીલાલ ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૩૯/૧૫</u>**

**નરોડા :** સોમાભાઇ પરવતભાઇ વાદી (રહે.વાડીનાથ તા.લુણાવાડા, જી.મહિસાગર, હાલ રહે.રણાસર, ટોલ ટેક્ષ નાકા પાસે, નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૮/૧૦/૧૫ સવારનાં ૧૦/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીક પોતાની પુત્રી સુગના (ઉ.વ.૦૬) અને ભાણી મનીષા (ઉ.વ.૧૨) હાજર હતા દરમ્યાન મેક્ષ ગાડી નંબર જીજે ૧૮ એ.ટી.૨૭૪૮ ના ચાલકે ગાડી પુરઝડપે અને બેદરકારીથી ચલાવતાં, મનીષાને ટક્કર મારતાં, મનીષાનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૪૦/૧૫</u>**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** વિનોદભાઇ જયંતિભાઇ દાતણીયા (ઉ.વ.૩૫)(રહે.શંકરભુવનનાં છાપરાં, શાહપુર) એ તા.૮/૧૦/૧૫ સાંજનાં ૫/૩૦ વાગ્યા પહેલાં કોઈ કારણસર સાબરમતી નદીનાં પુર્વ તરફના છેડે રિવરફ્રન્ટ ઘાટ નંબર-૮ નજીક નદીમાં પડી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો શ્રી આલાભાઈ વજશીભાઈ ચલાવે છે.

**બાપુનગર :** અશોકા ઓમપ્રકાશ ગોડ(કહાર)(ઉ.વ.૩૦)(રહે.જમનાનગરનાં છાપરાં, રામદેવ મંદિર પાસે, બાપુનગર) એ તા.૮/૧૦/૧૫ સાંજનાં ૫/૧૫ વાગ્યા પહેલાં કોઈ કારણસર લાલબહાદુર શાસ્ત્રી સ્ટેડીયમનાં તળાવમાં પડી ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી હસમુખસિંહ ગંભીરસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)